J. J. C. CENTRAL BOARD
INWARD NO.:- 5672
CHAIRMAN:-
SEC. GENERAL:-
SECRETARY:-
DATE:- 5-1-2015

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર

# જૈન જાગૃતિ સેન્ટર

## ધંધુકા

| પ્રમુખ | મંત્રી |
| --- | --- |
| નિલેશભાઈ પી.બગડીયા મો.૯૪૨૮૧૧૧૧૦૧ | નેહલ એમ.શાહ મો.૯૮૨૫૫૮૧૦૦૬ |

## પ્રેસ નોટ

તા.૨૦-૮-૨૦૧૪ ના રોજ થયેલ ૧૫૮ માં સેન્ટરની સ્થાપનાદિન બાદ અમારા સેન્ટરનો પહેલો કાર્યક્રમ 'નુતનવર્ષા' સ્નેહમિલનનો કાર્યક્રમ તા.૨૧-૧૨-૨૦૧૪ના રોજ સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં રાખવામાં આવ્યો.

આ કાર્યક્રમની શરૂઆતમાં પૂજ્ય ગુરુભગવંતોએ માંગલિક સંભળાવ્યુ ત્યારબાદ સેન્ટરના પ્રમુખ શ્રી નિલેશભાઈ બગડીયાએ સ્વાગત પ્રવચન કરી સૌને ઉમળકાભેર આવકાર આપ્યો તેમજ આ સેન્ટરની સ્થાપના કર્યાબાદ અમારી કમિટીના સભ્યોએ બોટાદ સેન્ટરનાં શરદોત્સવ કાર્યક્રમમાં ભાગ લીધો તેમજ સુરેન્દ્રનગર મુકામે જે.જે.સી દ્વારા યોજાએલ સમુહલગ્નમાં પ્રસંગોને યાદ કર્યો.

આજના આ પ્રસંગે શ્રી નાના બાળકોએ પોતાની મધુરભાષામાં સ્વાગત ગીત રજુ કર્યું તેમજ નાટક તથા સંવાદો રજુ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા આ કાર્યક્રમમાં જે બાળકોએ ભાગ લીધો હતો તેઓને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

આજના આ કાર્યક્રમના સૌજન્ય દાતાશ્રી શ્રીમતિ વર્ષાબેન હસુભાઈ સંઘવી નું બહુમાન કરવામાં આવ્યુ હતુ, કાર્યક્રમમાં પરિવારનાં ૪૦૦ જેટલા ભાઈબહેનો હાજર હતા સાથે ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો.

સેન્ટરના ઉપપ્રમુખ શ્રી પ્રમોદભાઈ ટીમાણીયાએ હવે પછીના કાર્યક્રમોની વિગતો આપી અને વિશાળ સંખ્યામાં હાજર રહ્યા તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ બપોરના ૪-૦૦ કલાકેથી શરૂ થઈ સાંજના ૭-૩૦ કલાકે પુરુ થયો હતો. અતિથી વિશેષ તરીકે સ્થાનકવાસી સંઘના પ્રમુખ શ્રી હસુભાઈ લોલીયાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ સફળ બનાવવામાં સેન્ટરની કારોબારી સમિતીએ જહેમત ઉઠાવેલ.

સેન્ટરના મંત્રીશ્રી નેહલભાઈ શાહે આભાર વિધી કરી હતી.

# જૈન જાગૃતિ સેન્ટર-ધંધુકા

## આજના ભોજનનાં સહયોગી દાતાશ્રી

**શ્રીમતિ વર્ષાબેન હસુભાઈ સંઘવી**

**હસ્તે-મેઘનાબેન શ્વેતલભાઈ સંઘવી**

**યુગ શ્વેતલભાઈ સંઘવી**